# આજે રાજ્યભરમાં ગ્રામ પંચાયતની ચૂંટણી

## નોટબંધી બાદ ભાજપ અને કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ પર લાગી : કોંગ્રેસ પાર્ટીને આશા : ઉમેદવારોની સંખ્યા વધારે હોવાથી બેલેટ પેપરથી જ મતદાન કરાશે

અમદાવાદ, તા.૨૬

નોટબંધી બાદ ગુજરાતમાં ભાજપ સરકારની વધુ એક કસોટી થવા જઈ રહી છે. ગ્રામ પંચાયત માટે ચૂંટણીને લઈને ભારે રાજકીય ગરમી પ્રવર્તી રહી છે. આવતીકાલે મંગળવારના દિવસે ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાનાર છે જેને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. હાલમાં જ નોટબંધી બાદ જુદા જુદા રાજ્યોમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ ચુકી છે જેમાં ભાજપે શાનદાર દેખાવ કર્યો હતો. આવી સ્થિતિમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપ કેવો દેખાવ કરે છે તેને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં ભારે ખુશ દેખાઈ રહી છે. ગત વર્ષે કોંગ્રેસે જોરદાર સફળતા હાંસલ કરી હતી. ૧૦ હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાનાર છે જે પૈકી ૧૪૬૭ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ ચુકી છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈને ચૂંટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી હતી. ટોચના સ્થાનિક લીડરો આક્રમક દેખાયા હતા. આવતીકાલે ૮૮૫૧ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. કુલ ૧૦,૩૧૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાંથી ૧૪૬૭ ગ્રામ પંચાયતો સમરસ થઈ ચુકી છે. ભાજપ અને કોંગ્રેસે પણ પોતાના તરફી સરપંચો ચૂંટાય તે માટેના પ્રયાસો હાથ ધર્યા હતા. મોટાભાગે સરપંચોને જિલ્લા અને તાલુકા પંચાયતો પાસેથી ગ્રાન્ટ મેળવવાની હોવાથી કોંગ્રેસ ગેલમાં છે. ગતવર્ષે યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૩૧માંથી ૨૩ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતમાંથી ૧૫૦ જેટલી તાલુકા પંચાયતો કોંગ્રેસના ફાળે ગઈ હતી ત્યારે પંચાયતના સરપંચોને ચૂંટણી અગાઉ અને બાદ પણ કોંગ્રેસ તરફ રાખવાના પ્રયાસો પક્ષ દ્વારા આદરી દેવામાં આવ્યા છે. ઉપરાંત આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની હોવાથી ગ્રામ પંચાયતોની ચૂંટણી સત્તાની સેમ ફાઈનલ માનવામાં આવી રહી છે ત્યારે જોવું રહ્યું કે કોણ બાજી મારે છે અને વિધાનસભાની ચૂંટણી માટેનો રસ્તો સરળ કરે છે. આ સિવાય ૩૧.૦૩.૨૦૧૭ પછી પુરી થતી અને જેની મુદત પુરી થવામાં એક વર્ષથી વધુ સમય બાકી હોય તો તેની ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણી પણ આ તારીખે યોજાશે. સાથોસાથ વિભાજનવાળી અને મધ્યસત્ર ચૂંટણીવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ યોજાશે. આ ચૂંટણીમાં પણ ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત અને મિલકત દેવાંની વિગતો સાથે એકરારનામુ ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે. વિધાનસભાની ચૂંટણી આડે હજુ સમય છે ત્યારે ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને પણ બંને પક્ષો તૈયારી કરી ચુક્યા છે. ભાજપે હાલમાં જ પંજાબમાં સ્થાનિક ચૂંટણીઓમાં અને મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણીઓમાં નોટબંધી બાદ સારો દેખાવ કર્યો હતો. નોટબંધીના કારણે સામાન્ય લોકો હાલમાં પરેશાન છે ત્યારે આ ચૂંટણી મહત્વપૂર્ણ બની ગઈ છે. પંચાયતોમાં ઉમેદવારોની સંખ્યા વધારે હોવાથી ઈલેક્ટ્રોનિક્સ વોટિંગ મશીનથી મતદાન કરાવી શકાય તેમ નથી જેથી મતદારોએ બેલેટ પેપરથી મતદાન કરવાનું રહેશે.



ભજીયાવાલાનો દીકરો ગાંધીનગરમાં : નોટબંધીના પગલે બેનામી સંપત્તિમાં વિવાદાસ્પદ બનેલ સુરતના કિશોરભાઈ ભજીયાવાલાના દીકરાને સોમવારે ગાંધીનગર ઘનિષ્ઠ તપાસ માટે લવાયા હતા. છેલ્લા ૧૫ દિવસથી ગુજરાત અને દેશભરમાં ભજીયાવાલાના નામે ભરપૂર અહેવાલો અખબારોમાં ચમકે છે. પોલીસ દ્વારા ફોરેન્સિક લેબોરેટરી તથા અન્ય પૂછપરછ માટે ગાંધીનગર આખો દિવસ રખાયા હતા.

# મેઘરજ સેન્ટ ઝેવિયર્સમાં નાતાલ પર્વની શાનદાર ઉજવણી કરાઈ

## વિદ્યાર્થીઓને પર્વ નિમિત્તે મિઠાઈ અને ભેટનું વિતરણ કરાયું

મેઘરજ, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં



આવેલ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં રવિવારના રોજ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફ દ્વારા નાતાલ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

મેઘરજની સેન્ટ ઝેવિયર્ઝ હાઈસ્કૂલમાં નાતાલ નિમિત્તે શનિવારની મધ્યરાત્રીએ સૌ વિદ્યાર્થીઓ અને સેન્ટ ઝેવિયર્સના શિક્ષકો દ્વારા સૌ પ્રથમ ભગવાન ઈસુની પ્રાર્થના કરી અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા નાતાલ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

તેમજ રવિવારના રોજ નાતાલ પર્વ અંતર્ગત શાળાના છાત્રાલયમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રેમના પર્વનો સંદેશો આપતા ભગવાન ઈસુનુ જન્મ સ્થળ બનાવવામાં આવ્યું હતું અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને મિઠાઈ તેમજ ભેટ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આરોગ્ય, સ્વામી, ફાધર, કમજી ડુંડ, સેન્ટ ઝેવિયર્સના આચાર્ય ફાધર રાજ તેમજ શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહી નાતાલ પર્વના કાર્યક્રમોને સફળ બનાવ્યો હતો.

# જેઠાજીના મુવાડા ગ્રામ પંચાયતે પોતાની અલગ ઓળખ પ્રસ્થાપિત કરી

તલોદ, તા. ૨૬

તલોદ તાલુકાના જેઠાજીના મુવાડા, સુરપુર અને વસ્તાજીના મુવાડા ગામોનો સમાવેશ દાયકાઓથી આંત્રોલી વાસ દોસજી ગ્રામ પંચાયતમાં થયેલ હતો. જેથી આ ગામના ગ્રામજનો તથા અરજદારોને પંચાયતના કામ અર્થ છેક આંત્રોલી જવું - આવવું પડતું હતું. ચોમાસામાં આ ત્રણ ગામોના અરજદારોને હરસોલ - તાજપુર થઈને વધુ ૧૦ કિ.મી.નું અંતર કાપીને ગ્રામ પંચાયત કચેરીએ પહોંચવાની ફરજ પડતી હતી. પરિણામે તેઓના નાણાં, શક્તિ અને સમયનો નાહકનો વ્યય થતો હતો.

જેથી આ ગામના ગ્રામજનોએ અલગ ગ્રામ પંચાયત ફાળવવાની માંગ કરી હતી. જેના ઉપર રાજયના પંચાયત, રૂરલ હાઉસિંગ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ - ગાંધીનગરએ મંજૂરીની મહોર મારીને જેઠાજીના મુવાડા ગ્રામ પંચાયત માટે વિવિવત જાહેરનામું બહાર પાડતા પંથકના સેંકડો ગ્રામજનોએ આનંદની લાગણી અનુભવી છે.

ઉલ્લેખનીય છે કે, જેઠાજીના મુવાડા ગામની સને-૨૦૧૧ની વસ્તી ગણતરીમાં આંકડા મુજબની વસ્તી ૭૦૭ છે તે જ રીતે તાબામાં આવતા સુરપુર ગામની વસતી ૪૧૮ અને વસ્તાજીના મુવાડા ગામની વસ્તી ૨૩૯ છે. જે સાથે જે તે વખતનો વસ્તી આંક કુલ ૧૩૬૪ નોંધાવા પામેલ છે. જેમાં સંભવિત વધારો માનીને અંદાજીત ૧૫૦૦ની વસ્તીને હવે જેઠાજીના મુવાડા ગ્રામ પંચાયતના લાભ ઘર આંગણે મળશે. તે માટે તેઓ આઝાદી સમયથી ટળવળતા હતા.

# દારૂબંધીની વાતો કરી પાછલે બારણે પરમીટો ઈસ્યુ કરાય છે : નિશિત વ્યાસ

## ૨૦ વર્ષમાં ભાજપે કેટલી દારૂની પરમીટો આપી તેના આંકડા જાહેર કરો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં દારૂની કેટલી પરમીટો ઈસ્યુ કરાવમાં આવી તેવા વેધક સવાર સાથે કોંગ્રેસ પ્રવકતા અને મહામંત્રી નિશીત વ્યાસે જણાવ્યું છે કે, ભાજપની બોલવાની અને બતાવવાની ભાષા હંમેશા અલગ અલગ રહી છે.

ગુજરાતમાં દારૂબંધી એટલે રૂ.૨ ૦ હજાર કરોડની જનધન યોજનાના નાણાં કાળા છે કે ધોળા ? બ્લેકમની કહેવાય કે નહીં ? સમગ્ર તંત્રમાં લાભાર્થીઓ કોણ ? ગાંધી, સરદારના ગુજરાતમાં દારૂબંધીના અમલ કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ભાજપ સરકારની આકરી ઝાટકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીશિત વ્યાસે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી કહે છે કે, જેમ છેલ્લા ૨૦ વર્ષથી દારૂબંધીનું અમલીકરણ બરાબર ન થતું હોવાથી હવે અમે નોટબંધીની જેમ કડક અમલીકરણ કરીશું. આના દ્વારા સ્પષ્ટ થાય છે કે, પૂર્વ મુખ્યમંત્રીશ્રી મોદીજીના સામ્રાજ્યમાં જે રૂ. ૨૦ હજાર કરોડનું નાણું તેમના જનધનમાં જમા થતું હતું તેનો આ અભિનવ પ્રયોગ છે. બરોડામાં જે રેડ પાડી અને લોકોનું ધ્યાન નોટબંધીથી કાઢી આ નવા વિષય પર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવાનો તેમનો જૂનો પુરાણો કિમિયો છે. ખરેખર તો બરોડા ખાતે પકડાયેલ વિદેશી દારૂમાં કેટલી પરમીટ શોપની બોટલો અને બે નંબરના વિદેશી દારૂ કેટલો હતો તેના ઉદ્‌ભવ બિંદુ સુધી તપાસ કરવી જોઈએ અને જવાબદારોને નસિયત કરવી જોઈએ. માત્ર વાતો અને વાયદાના બજારમાં પોતાનું ઘર ભરનાર આ ભાજપના શાસનકર્તાઓને નૈતિકતાની વાતો કરવાનો કોઈ હક નથી.

નોટબંધીના તઘલખી નિર્ણયના કારણે ભાજપ અને તેના સાહેબના ટીઆરપીના દિન પ્રતિદિન ઘટાડો થતો હોવાથી લોકોનું ધ્યાન ભ્રમિત કરવા માટે મહેશ શાહ, ભજીયાવાલા અને હવે આ દારૂની રેડની સ્ટોરીઓ લાવીને મોદી પ્રજાને એનેસ્થેસીયા આપવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે. પણ પ્રજા એમને તેમની ચાલ ચલગત અને ચરિત્ર ઓળખી ગઈ છે.

# રોટરી કલબ - દહેગામ દ્વારા હાડકાના રોગોનો નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

રોટરી કલમ ઑફ દહેગામ દ્વારા રોટરી હોલ ખાતે હાડકાનો વિના મૂલ્યે નિદાન - સારવાર કેમ્પ યોજાયો હતો. જેના હાડકામાં નિષ્ણાંત ડૉકટરો દ્વારા ફ્રી-કલ્સલ્ટેશન તથા પાંચ દિવસની ફિઝિયોથેરાપી સેવા ફ્રી આપવામાં આવી હતી. સાથે સાથે દવા, એક્સ-રે, લેબોરેટરી તપાસ તથા હાડકાના કેલ્શિયમ (બીએમડી ટેસ્ટ) ની સેવા રાહત દરે આપવામાં આવી હતી.

આ કેમ્પમાં દહેગામના જાણીતા ઓર્થોપેડીક સર્જક ડૉ. વિવેક વાછાણી, ડૉ. પંકજ રાઠોડ તથા ડૉ. સાગર શર્મા એ પોતાની સેવા આપી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે રોટરી કલબ - દહેગામ દ્વારા રોટરી હોલ ખાતે છેલ્લા ૧૧ વર્ષથી ફિઝિયોથેરાપી સેન્ટર નહીં નફો નહીં નુકશાનના ધોરણે ચલાવવામાં આવે છે. જેનો દર વર્ષે તાલુકાના ૬ થી ૭ હજાર દર્દીઓ લાભ લઈ રોટરી કલબનો આભાર વ્યક્ત કરે છે.

આ સફળ કેમ્પમાં રોટરી કલબના પ્રેસીડેન્ટ રોટે, જગદીશ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન, રોટે. ડૉ. રોનક પટેલ, રોટે. નરેશ પટેલ, એજી રોટે. તુલસી પટેલ, કલબ ટ્રેનર રોટે. મહેશ પટેલ, સેક્રેટરી રોટે. પલક શાહ, રોટે. ડૉ. જયસ્વાલ, રોટે. ડૉ. બી.કે. શાહ, રોટે. અમરિષ પટેલ સહિત મોટી સંખ્યામાં રોટેરિયનો હાજર રહી અને દર્દીઓની સેવામાં સહભાગી થયા હતા.

# કોંગ્રેસ દ્વારા સ્થાપના દિવસ આંબેડકર હોલમાં ઉજવાશે

ગાંધીનગર, તા.૨૬

૨૮મી ડિસેમ્બર-ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ૧૩૨મો સ્થાપના દિવસની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ઉજવણી કરાશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે. જે અન્વયે ૨૮મી ડિસેમ્બરના રોજ બુધવાર બપોરે ૩ કલાકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન,સેક્ટર-૧૨ ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક મળશે જેમાં વર્તમાન રાજનૈતિક પરિસ્થિતિ અંગે, કોંગ્રેસ પક્ષના વિવિધ કાર્યક્રમો, વિધાનસભાની ચૂંટણી અંગે બૂથ મેનેજમેન્ટ,બૂથ/ગ્રામ સમિતિની રચના અને તાલુકા અને શહેર સમિતિઓની પુનઃરચના અંગેના વિવિધ મુદ્દે પરામશ કરી ઠરાવો રજુ થશે. કારોબારી બેઠક પુર્વે કોંગ્રેસ પક્ષનો ધ્વજ ફરકાવીને સ્થાપનાદિનની ઉજવણી કરાશે. આ બેઠકમાં પ્રદેશ પ્રભારીશ્રી લાખાભાઈ ભરવાડ, પ્રદેશ નિરીક્ષકશ્રી બલવંતસિંહ રાજપૂત અને રમેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં મળનાર બેઠકમાં જિલ્લાના આગેવાનો રામાજી ઠાકોર, જશુભા રાણા, ડૉ.સી.જે.ચાવડા, ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ,તાલુકા-જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી / ઉપપ્રમુખશ્રીઓ/ચેરમેનશ્રીઓ/ સદસ્યશ્રીઓ, નગરપાલિકાના નેતા/ સદસ્યો, વિવિધ પાંખના વડાઓ સહિત જિલ્લાના તમામ આગેવાનોને ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રીશ્રી અરવિંદસિહ સોલંકીએ જણાવવામાં આવ્યું છે.



ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી પ્રેરિત અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા સંચાલિત બાળ ઉર્જા રક્ષકદળના કાર્યક્રમ અંતર્ગત શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૭ અને ૮ના કુલ ૨૫ વિદ્યાર્થીઓ દ્વારા આજના આ ઉર્જા કટોકટીના યુગમાં નાગરિકો ઊર્જા બચત અને તેની અગત્યતા સમજે તે હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા જનમાનસ સુધી આ સંદેશો પહોંચાડવાના આશયથી આર.જી. કન્યા વિદ્યાલયથી રેલી કાઢી ટાઉનહોલ ખાતે વિદ્યાર્થીઓ પ્લે કાર્ડ તથા ઉર્જા સંરક્ષણ બેનર દ્વારા આ કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલે રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક પ્રકાશભાઈએ સંભાળ્યું હતું.

## તજ્ઞો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા કરવાની ઈચ્છા ધરાવે છે. સરકાર હવે ડાયરેક્ટ ટેક્સમાં ફેરફાર કરીને આ લક્ષ્ય તરફ વધવાના પ્રયાસ કરી શકે છે. નાના કરદાતાને પણ મોટી રાહત આપવામાં આવી શકે છે. ડિવિડન્ટ ટેક્સ ફ્રેમવર્કમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. સરકાર આ ટેક્સ માટે એ લોકોને જવાબદાર બનાવવા માટે તૈયાર છે જે લોકોના એક મોટા હિસ્સાને આના કારણે હાંસલ થાય છે. આ સમગ્ર મામલે સરકારની અંદર ચાલી રહેલી ચર્ચા સાથે વાકેફ રહેલા લોકોનુ કહેવુ છે કે બજેટમાં ડાયરેક્ટ ટેક્સ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. આગામી નાણાંકીય વર્ષથી જીએસટી લાગુ કરવા માટે ખાસ તૈયારી કરી લેવામાં આવી છે. જેના કારણે ઈનડાયરેક્ટ ટેક્સમાં કોઈ મોટા ફેરફાર કરવામાં આવનાર નથી. કસ્ટમ ડ્યુટી માળખામાં કેટલાક ફેરફાર કરવામાં આવી શકે છે. વધારે લોકોને ટેક્સની હદમાં લાવવા માટે સરકાર કઠોર પગલાના ભાગરૂપે રાહત પણ આપી શકે છે. કોર્પોરેટ અને પર્સનલ ટેક્સમાં કાપ મુકવામાં આવી શકે છે.

## ઠંડીનું મોજુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, ધુમ્મસે રેલવે ટાઈમ ટેબલ જેવું કંઈ રહેવા દીધું નથી. કોઈપણ ટ્રેનના સમયમાં વારંવાર ફેરફાર કરવા પડી રહ્યા છે. જેને લઈને જો ટ્રેનના ઉપડવાના સમયને સાચો બતાવવામાં આવે તો પણ મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. આજ કારણસર જેમ જેમ માહિતી મળતી જાય છે તેમ તેમ દિલ્હીથી ઉપડતી અને આવતી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવા પડે છે.

## બેઠક બોલાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે બોલાવવામાં આવ્યા છે તેમાં મમતા બેનર્જી, શરદ યાદવ, લાલુ પ્રસાદ યાદવ, સીતારામ યચુરીનો સમાવેશ થાય છે. આ મિટીંગના એજન્ડા વિપક્ષી એકતાને મજબૂત કરીને તમામને એક મંચ ઉપર લાવવા માટેનો છે. મિટીંગમાં નોટબંધી બાદ દેશમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરાશે. સાથે સાથે સંયુક્ત રીતે ઘોષણા પણ કરવામાં આવશે કે તમામ વિપક્ષી દળો મુદ્દાઓ ઉપર એક સાથે અવાજ ઉઠાવશે. આના માટે કોમન મિનિમમ એજન્ડાને આખરી ઓપ આપવાની કવાયત ચાલી રહી છે. આની અસર બજેટ સત્ર ઉપરાંત બીજા રાજ્યોની રાજનીતિ ઉપર થઈ શકે છે.

## પાણીનો પોકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોરનુ કામ આગામી બે સપ્તાહમાં પુર્ણ કરી દેવાશે. આગામી ઉનાળા દરમિયાન ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં માળખાગત સુવિધાનો અભાવ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જેમાં પાણી ગટર અને રસ્તાને સંબંધિત સમસ્યાઓના લીધે ગ્રામજનો તોબા પોકારી ગયા છે. જયારે આકરી ગરમીના દિવસોમાં ઉદભવતી પાણીની પોકારો ડામવા માટે તંત્ર દ્વારા શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. પાણીના નવા બોર બનાવવા માટે અંદાજિત રૂ ૧.૨૦ કરોડનો ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જયારે આ અન્વયે અત્યાર સુધી પાલજ,બાસણ ધોળાકુવા ,ઈન્દ્રોડા સહીતના ગામોમાં પાણીના બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે બોરીજમાં પણ આજે બોર બનાવાની કામગીરી અન્વયે ખાતમુર્હુત વિધિ યોજવામાં આવી હતી. આ તબક્કે ધારાસભ્ય અશોક પટેલની હાજરીમાં બોર બનાવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

પાટનગર યોજના વિભાગ -૩ ના કાર્યપાલક ઈજનેર મહેન્દ્ર ઠક્કર , નાયબ કાર્યપાલક ઈજનેર,કલ્પેશ શાહ તેમજ લલિત કનોજિયા સહીતના અધિકારીઓની હાજરીમાં ગામમાં બોર બનાવાના કામની શરૂઆત કરવામાં આવી હતી. બોરીજમાં નવો બોર બનાવવા માટે રૂ ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે ૬ હજારની વસતી ધરાવતા ગામમાં પાણીનો પ્રશ્ન આગામી ઉનાળા સુધીમાં હલ થઈ જશે. બોરનુ કામ પુર્ણ થયા બાદ આનુસંગિક ઈલેક્ટ્રિફિકેશન તેમજ પાઈપ લાઈનનુ કામ પણ હાથ ધરાશે. ત્યારબાદ ટેસ્ટીંગ કરવામાં આવશે. ઉનાળાની આકરી ગરમીના દિવસો પુર્વે જ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા નિવારવા તંત્ર કક્ષાએથી તમામ તૈયારી કરી દેવાશે.

## પંચાયતોનું મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે સરપંચ પદ માટે ૧૭૦ ગામમાં ચૂંટણી યોજાશે. જેમાં ૫૯૭ ઉમેદવારો મેદાનમાં છે. આ ૫૯૭ ઉમેદવારો પૈકી ગાંધીનગર તાલુકામાં ૨૫૮, દહેગામમાં ૨૫૬, કલોલમાં ૪૦ અને માણસામાં ૪૩ ઉમેદવારો મેદાનમાં છે.

૭૦૭ વોર્ડના સભ્યપદની ચૂંટણી યોજાવાની છે. જેમાં ૧૭૧૫ ઉમેદવારો મેદાનમાં છે. ગાંધીનગર તાલુકામાં ૩૬૮ વોર્ડ માટે ૮૮૪ ઉમેદવારો, દહેગામમાં ૨૨૦ વોર્ડ માટે ૫૫૧, કલોલમાં ૬૭ વોર્ડ માટે ૧૬૭ અને માણસામાં ૫૨ વોર્ડ માટે ૧૧૩ ઉમેદવારો મેદાનમાં છે.

આ ચૂંટણી માટે ૫૪૩ મતદાન મથકો નિયત કરવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૬૫, દહેગામમાં ૨૦૭, કલોલમાં ૩૭ અને માણસામાં ૩૪ મતદાન મથકો આવેલા છે. આ મતદાન મથકો પૈકી ૧૩ મતદાન મથકો અતિ સંવેદનશીલ અને ૧૫૫ મતદાન મથકો સંવેદનશીલ શ્રેણીમાં આવેલા છે.

આ ચૂંટણીમાં કુલ નોંધાયેલ મતદારોની સંખ્યા ૪,૩૪,૦૨૭ છે. જેમાં ૨,૨૪,૫૦૦ પુરુષ અને ૨,૦૯,૫૨૭ સ્ત્રી મતદારો છે.

તેમણે જણાવ્યું હતું કે સમગ્ર પ્રક્રિયા દરમિયાન આચાર સંહિતાની કોઈ મોટી કે ગંભીર ફરિયાદો મળી નથી. એક બે ફરિયાદો સોંગદનામા અને પ્રમાણપત્રને લઈ મળી હતી પણ તે ચકાસણી દરમિયાન રજુ કરવાની બાબત છે એટલે ધ્યાને લેવામાં આવી નથી.

કાયદો અને વ્યવસ્થા માટે પણ કોઈ ફરિયાદ મળી નથી.

જે ગામો સમરસ થયા છે તેમાં ગાંધીનગરના રણાસણ, રાયસણ, કલોલ તાલુકાનું ગણપતપુરા, માણસાનું રાજપુરા, મોતીપુરા, આનંદપુરા, ફતેપુરા, ભીમપુરા, હિંમતપુરા, મકાકાડ, ઉમિયાનગર અને રામપુરા તેમજ દહેગામ તાલુકાનું વેલપુરા, જેસા ચાંદાના મુવાડા, શીયાપુરા, રામનગર, બદપુર ને ઝાલાના મુવાડાનો સમાવેશ થાય છે. આ પંચાયતોમાં ૧૨ સરપંચો સામાન્ય ઉમેદવાર છે જયારે ૬ મહિલા સરપંચ ઉમેદવાર હોય અને પંચાયત સમરસ થયેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ